કડોદરામાં પડોશીએ ખોદેલા ખાડામાં પડતાં એક વર્ષની બાળકીનું મોત

લોહીલુહાણ હાલતમાં લોકો બાળકીને લઈ હોસ્પિટલ દોડ્યા પણ જીવ ન બચ્યો

પલસાણાઃ કડોદરા વિસ્તારમાં એક માસૂમ બાળકીની જિંદગી પડોશીની ગંભીર બેદરકારીના કારણે હોમાઈ ગઈ છે. શ્રીનિવાસ સોસાયટીની બાજુમાં આવેલા શિવમ નગર (મકાન નં.૧૭૭)માં રહેતા પરિવારની વૈશાલી નામની એક વર્ષની માસૂમ બાળકીનું ઘર નજીક આવેલા એક ઊંડા ખાડામાં પડી જવાથીમોત નીપજ્યું છે. આ ઘટનાને પગલે સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, શ્રીનિવાસથી શિવમ નગર તરફ જતા મુખ્ય રોડ પર એક મોટો ખાડો આવેલો હતો. આ સોસાયટીમાં રહેતી નાની બાળકી વૈશાલી ઘરની બહાર રમી રહી હતી. રમતાં-રમતાં તેનું ધ્યાન ન રહેતાં તે અચાનક આ ઊંડા ખાડામાં ખાબકી હતી. બાળકીને ખાડામાં પડતી જોઈ આસપાસના સ્થાનિક લોકો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. લોકોએ ભારે જહેમત બાદ બાળકીને બહાર કાઢી હતી અને લોહીલુહાણ હાલતમાં તાત્કાલિક નજીકની સંજીવની હોસ્પિટલ ખાતે ખસેડી હતી. જો કે, હોસ્પિટલના તબીબોએ બાળકીને તપાસીને મૃત જાહેર કરતાં પરિવાર પર આભ તૂટી પડ્યું હતું.

પિતાએ વારંવાર ખાડો પૂરવા વિનંતી કરી હતી

સ્થાનિક રહીશોના જણાવ્યા મુજબ, રોડ પર આવેલા આ જોખમી ખાડા અંગે અગાઉ પણ અનેક વખત સંબંધિત લોકો અને તંત્રને રજૂઆતો કરવામાં આવી હતી, પરંતુ કોઈએ આ વાતને ગંભીરતાથી લીધી ન હતી. બાળકીના પિતાએ આ મામલે પડોશમાં રહેતા ૩ ઇસમ સામે ગંભીર આક્ષેપો કર્યા છે. પિતાના જણાવ્યા અનુસાર, આ ઇસમોને વારંવાર ખાડો પૂરી દેવા માટે વિનંતી કરવામાં આવી હોવા છતાં તેમણે ખાડો બંધ કર્યો ન હતો.

અમદાવાદની રથયાત્રા પૂર્વે વિવિધ અખાડાઓની તૈયારી

■ જગન્નાથપુરી બાદ અમદાવાદની રથયાત્રા દુનિયામાં બીજા નંબરે પ્રસિદ્ધ છે. તેની તૈયારી અત્યારથી જ જુદા જુદા અખાડાઓ કરી રહ્યાં છે જેઓ રથયાત્રાના દિવસે વિવિધ કરતબ બતાવશે. **(તસવીર : જનક પટેલ, અમદાવાદ)**

સુરતના નાસીરનગર ડિમોલિશનમાં હાઇકોર્ટની કડક ટીકા

લોકોનાં ઘર તોડી પાડવા એ ફોજદારી ગુનો નથી? : હાઈકોર્ટ

હાઇકોર્ટે યુટ્યુબ લાઇવ સ્ટ્રીમિંગનું માઇક બંધ કરાવીને વકીલોને ગંભીરતા સમજાવી

ઘટનાના એક મહિના પછી પણ પોલીસ ફરિયાદ કેમ નહીં ? રાજ્ય સરકાર કેમ એક્ટિવ નથી?

અમદાવાદ : સુરતના નાસીરનગર વિસ્તારમાં ૧૫૦થી વધુ મકાનો તોડી પાડવાના ગેરકાયદે ડિમોલિશન મામલે આજે ગુજરાત હાઇકોર્ટમાં થયેલી સુનાવણી દરમિયાન કોર્ટે રાજ્ય સરકાર, સુરત મહાનગરપાલિકા (SMC) અને પોલીસ તંત્રની ઝાટકણી કાઢી હતી. જસ્ટીસ નિખિલ કરિયેલે અત્યંત આકરા મૂડમાં પૂછ્યું હતું કે, 'ઘટનાને એક મહિનો વીતી ગયો હોવા છતાં હજુ સુધી FIR કેમ નોંધાઈ નથી? આટલી મોટી ઘટનામાં રાજ્ય સરકાર કેમ એક્ટિવ નથી, શું નાગરિકો પ્રત્યે તેની કોઈ જવાબદારી નથી?' કોર્ટે ડેપ્યુટી કમિશનર કક્ષાના અધિકારી હેઠળની તપાસ કમિટીના પ્રાથમિક અહેવાલને 'ગોળ-ગોળ' ગણાવીને આ મામલે ભીનું સંકેલવાનો પ્રયાસ થઈ રહ્યો હોવાની આશંકા વ્યક્ત કરી હતી. સુનાવણી દરમિયાન મામલાની ગંભીરતા સમજાવવા કોર્ટે થોડીવાર માટે યુટ્યુબ લાઇવ સ્ટ્રીમિંગનું માઇક પણ બંધ કરાવી દીધું હતું.

ડિમાર્કેશન માટે ગયા તો સાથે જેસીબી કેમ હતું?

હાઇકોર્ટે મનપાના વલણ સામે સવાલ ઉઠાવતા કહ્યું કે, જો સુરત મનપા તંત્ર માત્ર જમીન માપણી (ડિમાર્કેશન) માટે ગયું હતું, તો સાથે જેસીબી જેવી હેવી મશીનરી કેમ રાખવામાં આવી હતી? આ સ્પષ્ટ કરે છે કે આખું ડિમોલિશન પૂર્વઆયોજિત હતું. આટલી મોટી ઘટના કોઈ સ્થાનિક અધિકારી એકલા હાથે ન કરી શકે, આમાં ચોક્કસ કોઈક મોટો ટેકો હોવો જોઈએ. કમિશનર કક્ષાથી પણ ઊંચા લેવલના અધિકારી દ્વારા આ કેસની તપાસ થવી જરૂરી છે. માત્ર કર્મચારીઓને સસ્પેન્ડ કરવા એ કોઈ કડક પગલાં નથી, તેઓ તો ઘરે આરામ કરશે અને તપાસ વર્ષો સુધી ચાલશે. હાલ ૧૦૦ જેટલા પરિવારો ઘરવિહોણા બન્યા છે, જેઓ દબાણકર્તા નથી. તેથી અસરગ્રસ્તોના પુનર્વસન માટે મૂળ સ્થળે અથવા અન્ય યોગ્ય સ્થળે વસવાટની યોજના રજૂ કરવા કોર્ટે સૂચના આપી છે.

પોલીસ અંધ કે મૂક બધિર નથી, પ્રોએક્ટિવ કેમ ન થઈ?

સરકારી વકીલે જ્યારે બચાવ કર્યો કે પોલીસનું કામ ત્યાં માત્ર કાયદો-વ્યવસ્થા જાળવવાનું હતું અને મુખ્ય કામ SMCનું હતું, ત્યારે કોર્ટે રોષે ભરાઈને કહ્યું કે, "પોલીસ કંઈ અંધ કે મૂક-બધિર નથી. ડિમોલિશન સ્થળે DCP જેવા સિનિયર અધિકારી હાજર હતા, તો શું તેમને ડિમાર્કેશન અને ડિમોલિશન વચ્ચેનો ભેદ ખબર ન પડી? પોલીસના સહકાર વગર આ ગેરકાયદે કૃત્ય શક્ય જ નથી. ૧૧૨ નંબર પર ફોન કરવા છતાં પોલીસ કેમ એક્ટિવ ન થઈ? પોલીસ કમિશનરે પણ રજૂઆત બાદ ફરિયાદ કેમ ન લીધી ? અરજદારના વકીલે જ્યારે હાઇકોર્ટને જણાવ્યું કે ઘટના સમયે ડીસીપી રાજદીપસિંહ નકુમે લોકોને કહ્યું હતું કે 'તમારે હાઇકોર્ટમાં જવું હોય તો જાઓ', ત્યારે કોર્ટે ગંભીર નોંધ લેતા કહ્યું કે, જો ડીસીપીના આવા શબ્દો સાબિત થશે, તો તે વીડિયોની વોઇસ સ્પેક્ટોગ્રાફી માટે એફએસએલમાં મોકલીને તેમની સામે કડક કાર્યવાહી કરાશે.

સરકારી વકીલે દલીલમાં રાષ્ટ્રીય સુરક્ષા અને બાંગ્લાદેશીઓનો ઉલ્લેખ કર્યો

સરકારી વકીલે પોલીસ બંદોબસ્તના બચાવમાં તર્ક આપ્યો હતો કે નાસીરનગરમાં અસામાજિક તત્વોનો અહેવાલ હતો. આ વિસ્તારમાં ૨૬ ગંભીર ગુનેગારો રહે છે અને અગાઉ અહીંથી ગેરકાયદેસર રહેતા ૪૪ બાંગ્લાદેશીઓ ઝડપાયા હોવાથી સુરક્ષાના ભાગરૂપે ચુસ્ત બંદોબસ્ત રખાયો હતો. જોકે, વકીલે સ્પષ્ટ કર્યું હતું કે તેઓ ડિમોલિશનની કાર્યવાહીને જસ્ટિફાય (યોગ્ય) ઠેરવતા નથી.

સ્થાનિક તપાસ સમિતિએ પણ 'ભીનું સંકેલવાનો પ્રયાસ' કર્યો હોવાનું પ્રથમ દ્રષ્ટિએ જણાય છે

સુરતના નાસીરનગર વિસ્તારમાં થયેલા વિવાદિત ડિમોલિશન કેસની સુનાવણી દરમિયાન ગુજરાત હાઈકોર્ટના જસ્ટીસ નિખલ કરિયેલે રાજ્ય સરકાર અને પોલીસ તંત્રના વલણ સામે કડક અસંતોષ વ્યક્ત કર્યો હતો. કોર્ટે સવાલ કર્યો કે, એક મહિના કરતાં વધુ સમય વીતી ગયો હોવા છતાં હજુ સુધી પોલીસ ફરિયાદ કેમ નોંધાઈ નથી? લોકોના મકાનો તોડી પાડવાની ઘટના શું ફોજદારી ગુનો નથી? જો ડિમોલિશન ગેરકાયદેસર હતું તો રાજ્ય સરકાર હજુ સુધી સક્રિય કેમ બની નથી? સુનાવણી દરમિયાન કોર્ટે ડિમોલિશનની તપાસ માટે ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરના અધ્યક્ષપદ હેઠળ રચાયેલી તપાસ સમિતિ પર પણ સવાલ ઉઠાવ્યા હતા. કોર્ટે ટિપ્પણી કરી હતી કે, આટલી ગંભીર ઘટનાની તપાસ સ્થાનિક કક્ષાના અધિકારીને સોંપવી યોગ્ય જણાતી નથી અને પ્રાથમિક તપાસ અહેવાલ સમગ્ર મામલાને 'ભીનું સંકેલવાનો પ્રયાસ' હોવાનું પ્રથમ દ્રષ્ટિએ જણાય છે. પોલીસની કામગીરી અંગે કોર્ટે વધુ કડક વલણ અપનાવતા જણાવ્યું હતું કે, ડિમોલિશન સ્થળે એસઓજીના ડીસીપી રાજદીપસિંહ નકુમ સહિત વરિષ્ઠ પોલીસ અધિકારીઓ હાજર હતા, છતાં તેમને ડિમાર્કેશન અને ડિમોલિશન વચ્ચેનો તફાવત સમજાયો નહીં ? પોલીસ પાસે કોર્પોરેશનની સત્તા ન હોય તે સ્વાભાવિક છે, પરંતુ ગેરકાયદેસર કાર્યવાહી સામે કાયદેસરની કાર્યવાહી શરૂ કરવાની જવાબદારી તો પોલીસની પણ બને છે. કોર્ટે નોંધ્યું કે, પોલીસની હાજરી અને સહકાર વગર આટલા મોટા પાયે ડિમોલિશન શક્ય હોવાનું માનવું મુશ્કેલ છે.

ઝોન વિવાદઃ સેન્ટ્રલ કે નોર્થ?

બીજી તરફ, આ ઘટના કયા ઝોનમાં બની તેને લઈને પણ વિરોધાભાસ સામે આવ્યો છે. એડવોકેટ જનરલે મનપાની સૂચનાના આધારે આ વિસ્તાર 'સેન્ટ્રલ ઝોન'માં આવતો હોવાનું જણાવ્યું હતું, જ્યારે અસરગ્રસ્તોના વકીલે પુરાવા તરીકે પ્રોપર્ટી ટેક્સનું બિલ રજૂ કર્યું હતું, જેમાં 'નોર્થ ઝોન' લખેલું છે. આ બાબત પણ તંત્રની બેદરકારી અને વિસંગતતા છતી કરે છે. હાલમાં ગુજરાત હાઇકોર્ટે રાજ્ય સરકાર, સુરત મનપા , પોલીસ કમિશનર, એસઓજી અધિકારીઓ, બિલ્ડર અને ટોરેન્ટ પાવર સહિતના પક્ષકારોને આ મામલે વધુ ગંભીરતા દાખવી કાયદેસરની ઠોસ કાર્યવાહી કરવા આદેશ આપ્યો છે. જ્યારે રીટની વધુ સુનાવણી તારીખ ૭મી જુલાઈના રોજ રાખવામાં આવી છે.

સુરત વડોદરા વચ્ચેનો વાહન વ્યવહાર ઠપ્પ થઇ ગયો

એક મહિના પહેલા બનેલા એક્સપ્રેસ હાઇવે પર 8 ફૂટનું ગાબડું

અંકલેશ્વરના પીલુદરા નજીક પુલનો સ્લેબ તૂટ્યો

NHAIની ટીમ નિરીક્ષણ કરશે, વરસાદ બાદ સમારકામ

અંકલેશ્વર,ભરૂચ : દેશના મહત્વાકાંક્ષી દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે પર ભરૂચ જિલ્લાના અંકલેશ્વર નજીક પીલુદરા ગામ પાસે મોટી ઘટના બની છે. ચોમાસાની શરૂઆતમાં જ અડોલ અને પીલુદરા વચ્ચેના હાઈવે બ્રિજનો કોંક્રિટ સ્લેબમાં આશરે 8 ફૂટ જેટલું ગાબડું પડી ગયું છે. આ ઘટનાએ સુરત-વડોદરા વચ્ચેના વાહનવ્યવહારને સંપૂર્ણપણે ખોરવી નાખ્યો છે.

આ એક્સપ્રેસવે માંડ એકાદ મહિના પહેલાં જ વાહનવ્યવહાર માટે ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. પરંતુ પહેલા જ ચોમાસામાં પુલની વચ્ચોવચ મોટું ગાબડું પડતાં વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો છે. તૂટેલા સ્લેબમાંથી લોખંડના સળિયા સ્પષ્ટ દેખાઈ રહ્યા છે, જ્યારે પુલના એક્સપાન્સન જોઈન્ટને પણ વ્યાપક નુકસાન થયું છે, જે સુરક્ષાની ગંભીર ચિંતા વધારે છે.આ અકસ્માતને કારણે સુરતથી વડોદરા જતી મુખ્ય લેન સંપૂર્ણપણે બંધ થઈ ગઈ હતી. પરિણામે હાઈવે પર માઈલો લાંબી કતારો લાગી ગઈ હતી અને મુસાફરો-વાહનચાલકો કલાકો સુધી ફસાયેલા રહ્યા હતા. હાલમાં ટ્રાફિકને ડાયવર્ટ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

આ ઘટના બાદ સ્થાનિક નાગરિકો અને ગ્રામજનોએ રોડ નિર્માણમાં ભ્રષ્ટાચાર અને અનિયમિતતા આચરવામાં આવી હોવાની શંકા વ્યક્ત કરી છે. સોશિયલ મીડિયા પર પણ રોડની ગુણવત્તાને લઈને વ્યાપક ચર્ચાઓ શરૂ થઈ છે. જોકે, NHAIના જવાબદાર અધિકારીઓએ ઘટનાનાં કારણો કે જવાબદારી અંગે કોઈ ટિપ્પણી કરવાનું ટાળ્યું છે. સૂત્રો અનુસાર, NHAIની ઉચ્ચ ટેકનિકલ ટીમ ટૂંક સમયમાં જ ઘટના સ્થળનું નિરીક્ષણ કરશે. વરસાદ બંધ થયા બાદ યુદ્ધના ધોરણે પુલનું સમારકામ હાથ ધરવામાં આવશે. ત્યાં સુધી ટ્રાફિક ડાયવર્ટ જાળવવામાં આવશે.

આરોપી સામે હત્યા સહિતના 30થી વધુ ગુના

IPS શરદ સિંઘલ પર હિસ્ટ્રીશિટરનો ચાકુથી હુમલો

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના JCPએ સ્વબચાવમાં કરેલા ફાયરિંગથી આરોપી ઘાયલ

અમદાવાદ : અમદાવાદ શહેરના ચંડોળા તળાવ વિસ્તારમાં ગુરુવારે ક્રાઈમ બ્રાન્ચની કાર્યવાહી દરમિયાન હિસ્ટ્રીશીટર આરોપીએ સંયુક્ત પોલીસ કમિશનર (ક્રાઈમ) શરદ સિંઘલ પર છરી વડે જીવલેણ હુમલો કરતાં તેઓ ઈજાગ્રસ્ત થયા હતા. પરિસ્થિતિ કાબૂ બહાર જતાં જેસીપી શરદ સિંઘલે સ્વબચાવમાં સર્વિસ રિવોલ્વરમાંથી ફાયરિંગ કર્યું હતું, જેમાં આરોપીના પગમાં ગોળી વાગી હતી.

આ અંગે પોલીસના જણાવ્યા પ્રમાણે અમદાવાદ શહેરમાં ગેરકાયદેસર હથિયારો રાખવાની બાતમીના આધારે ઈસાનપુરના રહેવાસી અને 30થી વધુ ગંભીર ગુનાઓમાં સંડોવાયેલા હિસ્ટ્રીશીટર કલીમની ધરપકડ કરવામાં આવી હતી. તેની પાસેથી ચાર ગેરકાયદેસર હથિયારો પણ જપ્ત કરવામાં આવ્યા હતા.

આરોપીની ધરપકડ બાદ ક્રાઈમ બ્રાન્ચની ટીમ તપાસ અને ઘટનાક્રમની પુછપરછ લઈ આવી હતી. આ દરમિયાન જેસીપી શરદ સિંઘલ અને પોલીસ ઈન્સ્પેક્ટર ઘાસુરા આરોપીની પૂછપરછ કરી રહ્યા હતા. ત્યારે આરોપી કલીમ અચાનક ઉશ્કેરાઈ જઈ જેસીપી શરદ સિંઘલ પર હુમલો કરી ભાગવાનો પ્રયાસ કર્યો હતો. આ હુમલામાં શરદ સિંઘલના ડાબા હાથમાં ઈજા પહોંચી હતી

આરોપી કલીમએ હુમલો કરતાં શરદ સિંઘલે સર્વિસ રિવોલ્વરમાંથી ગોળીબાર કરતાં ગોળી આરોપી કલીમના પગમાં વાગતાં તે ઘાયલ થયો હતો, અને પોલીસે તેને કાબૂમાં લીધો હતો.

આ ઘટના બાદ ઈજાગ્રસ્ત જેસીપી શરદ સિંઘલને તાત્કાલિક અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જ્યારે આરોપી કલીમને પણ પોલીસ બંદોબસ્ત વચ્ચે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. હાલમાં બંનેની સારવાર ચાલી રહી છે.

પોલીસના જણાવ્યા મુજબ, કલીમ સામે હત્યા, હત્યાના પ્રયાસ, લૂંટ, ગેરકાયદેસર હથિયારો સહિતના 30થી વધુ ગંભીર ગુનાઓ નોંધાયેલા છે. સમગ્ર ઘટનાની તપાસ શરૂ કરવામાં આવી છે.

સુડોકુ - 'ક્લુ' કડકડ

	૭		૫			૬		
૮				૭				૧
	૫				૨	૩	૪	૭
	૯						૮	૫
૬	૮				૧			
	૩	૭	૮	૨		૧	૬	
				૯		૫	૭	
૭		૮			૫	૪	૧	
૯			૬			૮		

■ અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
■ દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
■ પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

ઋતુજન્ય તાવ

મામેજવો, નાઈ, ઉપયોગી છે. મામેજક ઘનવટી લો. મામેજવો અને તુલસી સૂકવી તેમના ચૂર્ણ સરખા ભાગે ભેળવી, ચોથા ભાગે કાળા મરીનું ચૂર્ણ ભેળવી તેમાંથી ત્રણ, ત્રણ ગ્રામ રોજ બે વાર લેવાથી તાવ દૂર રહેશે.

શબ્દગુંફન - ૭૨૩૩ અરવિંદ એસ. મારૂ



આડી ચાવી
૧. હાથી (૩)
૪. માળાનો શરૂઆતનો મોટો મણકો (૨)
૭. સિદ્ધ કરનારું (૩)
૯. ગીની, છાપ (૩)
૧૦. વિરોધ (૪)
૧૨. મૂળ કિંમત (૩)
૧૩. પ્યાલો (૨)
૧૪. પાણી, જળ (૨)
૧૫. સોનાચાંદી ઉપર રંગીન કારીગરી (૪)
૧૭. લીન (૨)
૧૯. પ્રહાર ઝીલવાનું સાધન (૨)
૨૦. એક કઠોળ (૨)
૨૧. સહેજ, ધૂળ (૨)
૨૨. પર્વત (૨)
૨૫. નગારાં બનાવનાર (૪)
૨૮. લગીરેક, સહેજ (૪)
૨૯. હઠ, દુરાગ્રહ (૩)
૩૨. બાદ કરેલું (૨)
૩૩. આકાશ, ગગન (૨)
૩૪. વરદાન દેનાર, કૃપાળુ (૩)

ઊભી ચાવી
૨. મોટાઈ (૩)
૩. મધમાખીએ એકઠો કરેલો રસ (૨)
૪. સાવ સહેલી વાત (૫)
૬. મારવું તે (૩)
૭. સમજણ (૨)
૮. સમૂહ (૩)
૧૦. શિક્ષા (૨)
૧૧. મનસૂબો (૩)
૧૩. હાથી (૨)
૧૫. બંધ કરવું કે બીડવું તે (૩)
૧૬. પિતાના ભાઈ (૨)
૧૭. માલિશ કરવું તે (૩)
૧૮. નજર આગળથી ન ખસે એટલા પૂરતી કેદ (૪)
૨૧. નસ (૨)
૨૩. ભૂલ ભરેલું (૩)
૨૪. જરીનું બનાવેલું (૪)
૨૬. નિંદા (૨)
૨૭. પવિત્ર સ્થળ (૨)
૩૦. ભૂખથી ટળવળતું (૨)
૩૧. પગથિયાવાળો કૂવો (૨)
૩૨. નકામું (૨)

આજનું પંચાંગ

તા. 03/07/2026, શુક્રવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1948
વીર સંવત : 2552 **માસ :** નિજ જેઠ
તિથિઃ વદ: ત્રીજ : 11:21 પછી સંકષ્ટ ચતુર્થી
અયન : દક્ષિણાયન **ઋતુ :** વર્ષા
રાષ્ટ્રિય દિનાંક : અષાઢ: 12
યોગ : વિષ્કુંભ **કરણઃ** બવ
નક્ષત્ર : શ્રવણ: 11:47 પછી ધનિષ્ઠા
રાશિઃ મકર (ખ.જ.). 24.49 પછી કુંભ (ગ.સ.શ.ષ.)
દિવસ : અશુભ બુધ પશ્ચિમમાં અસ્ત
સુરતમાં સૂર્યોદય : 06:03 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:23
નવકારસી : 06:51
પારસી વર્ષ : 1395 બહમન માસનો 23મો રોજ
મુસલમાન વર્ષ : 1448 મોહરમ માસનો 17મો રોજ
દિવસનાં ચોઘડિયાંઃ ચલ, લાભ,, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ
રાત્રિનાં ચોઘડિયાંઃ રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ
રાહુકાળ: સવારે : 10:30 થી 12:00 સુધી

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

મેષ (અ,લ,ઇ,): મોજ-શોખ ગારમેન્ટ કોસ્મેટીક વગેરેને લગતાં ધંધા વેપારમાં લાભ થાય. ઉપરી વર્ગનો સાથ મળે.

વૃષભ (બ,વ,ઉ,): બૌદ્ધિક લોકોની સલાહ લાભદાયક રહે. ઉચ્ચ શિક્ષણમાં પ્રગતિ થાય. પારિવારિક ધાર્મિક યાત્રા થાય.

મિથુન (ક,છ,ઘ,): છેતરાઈ જવાનું બની શકે. સહી સિક્કાઓ, વિલ વારસા બાબતે સાવધાન રહેવું. ધર્મ-કર્મ થાય.

કર્ક (ડ,હ,): નવી ભાગીદારીની યોજના પાર પડશે. સમાજ તથા કૌટુંબિક પ્રશ્નો હલ થાય. પ્રેમવિવાહ થઇ શકે.

સિંહ (મ,ટ,): સરકારી કામમાં મદદ મળે. વિજાતીય મિત્રોથી સાવધાન રહેવું. પોતાના કામમાં સાવધાની રાખવી.

કન્યા (પ,ઠ,ણ,): વિદ્યાર્થીઓની મહેનત ફળે. શેરબજારમાં પ્રગતિ થાય. રોમેન્ટીક મુલાકાત થાય. આવક વધશે.

તુલા (ર,ત,): નોકરી-ધંધાર્થે પ્રવાસ થાય. નવી નોકરીની તક મળે. વારસા-મકાન બાબતે કાયદાકીય મદદ મળે.

વૃશ્ચિક (ન,ય,): દલાલી, ટ્યુશન, ટેક્નોલોજી, પ્રવાસ લેખન જેવા કામમાં પ્રગતિ થાય. ઉઘરાણી આવી શકે છે.

ધન (ભ,ધ,ફ,ઢ,): ખાણી-પીણી, મોજ-શોખ અને પારિવારિક ધંધામાં સફળતા મળે. નવા આર્થિક રોકાણ થાય. શુભ સમાચાર મળે.

મકર (ખ,જ,): આનંદદાયક પ્રવાસ થાય. ઘરમાં અવરજવર વધે. નોકરીમાંથી તક મળે. સમાજમાં માન વધે.

કુંભ (ગ,સ,શ,ષ,): સરકારી નોકરિયાતે સાવધાન રાખવી. પ્રવાસમાં સામાનનું ધ્યાન રાખવું. શુભ સમાચાર મળે.

મીન (દ,ચ,ઝ,થ,): આવક વધારવાની અને નવા રોકાણની તક મળે. આગળ કરેલા રોકાણનો લાભ મળે. આવક વધે.

કોઈ પણ સાલમાં 03 જુલાઈએ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સંઘર્ષવાળું અને સ્થાનફેર તથા જવાબદારી વધારનાર રહેસે. સરકારી નોકરિયાતે સાવચેતી રાખવી. આર્થિક વ્યવહારમાં લેવા-દેવાનું ટાળવું આર્થિક બાબતે સામાન્ય રહે. સમાજમાં સામાન્ય રહે. ઉમરલાયકના વિવાહ થાય, પ્રેમ વિવાહની શક્યતામાં અવરોધ પેદા થાય. ઉઘરાણીની ચિંતા રહે. આરોગ્ય નરમ રહે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં કોઇની વાતોમાં આવવું નહી. વારસા, જાયદાદ જમીન વગેરેમાં કાયદાકીય પ્રશ્નો સતાવશે. સંતાનોના અભ્યાસ કેરીયરમાં ચડતી - પડતી રહે. વિદ્યાર્થીઓને મહેનતનું ફળ મળશે. વિદેશનાં કામમાં વિઘ્નો આવે. નવા ઘર, વાહન, મકાન, બાબતે શરૂઆત મદદ મળે. વડીલો મિત્રોની મદદથી સફળ બને. આવક વધારવાની યોજનામાં ચડતી-પડતી રહે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળે. ફેબ્રુઆરી માર્ચ તથા નવેમ્બર-ડીસેમ્બર, ગુરુ શુક્રવાર 03,12,30 તારીખે નવા કામ કરવા સોનેરી રંગનો ઉપયોગ વધારવો જૂન-જુલાઈ, રવિ-બુધવાર, 02,11,20, 29. તારીખે નવા કામ ટાળવાં. લાલ-નીલા રંગનો ઉપયોગ ઓછો કરવો.

આરોપી નિર્દોષ છૂટે તો પોલીસ અને સરકારી વકીલ સામે તપાસ થશે

ફોજદારી કેસોમાં ગુજરાત સરકારનો મોટો નિર્ણય

ચાર સભ્યોની ઉચ્ચ સ્તરીય સમિતિ કેસની સમીક્ષા કરશે

ગાંધીનગર : રાજ્યમાં ફોજદારી કેસોની તપાસ અને પ્રોસિક્યુશન પ્રક્રિયાને વધુ જવાબદાર અને અસરકારક બનાવવા ગુજરાત સરકારે મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. હવે કોઈપણ ફોજદારી કેસમાં આરોપી કોર્ટમાંથી નિર્દોષ છૂટશે તો તેની પાછળના કારણોની વ્યવસ્થિત સમીક્ષા કરવામાં આવશે. તપાસ અથવા પ્રોસિક્યુશનમાં બેદરકારી, ક્ષતિ કે ગંભીર ખામી સામે આવશે તો સંબંધિત પોલીસ અધિકારીઓ અને સરકારી વકીલો (પબ્લિક પ્રોસિક્યુટર) સામે વિભાગીય તેમજ કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.

રાજ્ય સરકારના ગૃહ વિભાગે આ અંગે સત્તાવાર ઠરાવ બહાર પાડી નવી વ્યવસ્થાનો અમલ કરવાનો નિર્ણય લીધો છે. તેના હેઠળ હવે કોર્ટમાંથી આરોપી નિર્દોષ છૂટે તેવા દરેક મહત્વપૂર્ણ ફોજદારી કેસની સમીક્ષા ચાર સભ્યોની ઉચ્ચસ્તરીય સમિતિ કરશે. સમિતિમાં ડિરેક્ટર ઓફ પ્રોસિક્યુશન, ડીજીપી (લો એન્ડ ઓર્ડર) તેમજ નાયબ સચિવ કક્ષાના બે અધિકારીઓનો સમાવેશ કરવામાં આવશે.

સમિતિ નિર્દોષ છૂટેલા કેસોની ફાઈલોની વિગતવાર તપાસ કરીને આરોપીને નિર્દોષ છૂટવામાં તપાસની ખામી જવાબદાર હતી કે નહીં, પુરાવા એકત્રિત કરવામાં બેદરકારી દાખવાઈ હતી કે નહીં અને પબ્લિક પ્રોસિક્યુટર દ્વારા કોર્ટમાં કેસનું અસરકારક રીતે પ્રતિનિધિત્વ કરવામાં આવ્યું હતું કે નહીં તેની ચકાસણી કરશે.

સરકારનું માનવું છે કે અનેક ગંભીર ગુનાઓમાં તપાસની ખામીઓ, પુરાવાના અભાવ અથવા પ્રોસિક્યુશનની નબળી રજૂઆતના કારણે આરોપીઓ નિર્દોષ છૂટી જતા હોય છે. આવી સ્થિતિમાં માત્ર કેસના પરિણામને સ્વીકારી લેવાના બદલે હવે તેના માટે જવાબદાર કારણો શોધીને જવાબદારી પણ નક્કી કરવામાં આવશે.

સમિતિના અહેવાલમાં જો તપાસ અધિકારી અથવા પબ્લિક પ્રોસિક્યુટર દ્વારા જાણીજોઈને અથવા બેદરકારીપૂર્વક કામગીરીમાં ક્ષતિ રાખવામાં આવી હોવાનું સામે આવશે, તો સંબંધિત અધિકારીઓ સામે વિભાગીય કાર્યવાહી ઉપરાંત જરૂરી હોય ત્યાં કાયદાકીય કાર્યવાહી પણ હાથ ધરવામાં આવશે.

સરકારના આ નિર્ણયને ફોજદારી તપાસ અને પ્રોસિક્યુશન વ્યવસ્થામાં જવાબદારી અને પારદર્શિતા વધારવાના મહત્વપૂર્ણ પગલા તરીકે જોવામાં આવી રહ્યો છે. નવા નિયમોથી તપાસની ગુણવત્તા સુધરશે, પુરાવા એકત્રિત કરવાની પ્રક્રિયા વધુ સચોટ બનશે અને કોર્ટમાં કેસોની રજૂઆત વધુ અસરકારક બને તેવી સરકારને આશા છે.

આજે ધોરણ-10 અને 12ની પૂરક પરીક્ષાનું પરિણામ

ગાંધીનગરઃ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જૂન-2026માં યોજાયેલી ધોરણ-10 અને 12 વિજ્ઞાન, સામાન્ય, પ્રવાહની પૂરક પરીક્ષાનું પરિણામ આવતીકાલ 3 જુલાઈએ સવારે 11 વાગ્યે જાહેર કરવામાં આવશે. ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડના સત્તાવાર સુત્રોના જણાવ્યા પ્રમાણે બોર્ડ દ્વારા જૂન-2026માં યોજાયેલી ધોરણ-10 અને 12 વિજ્ઞાન, સામાન્ય, પ્રવાહની પૂરક પરીક્ષાનું પરિણામ આવતીકાલ 3 જુલાઈના રોજ બોર્ડની વેબસાઈટ પર જાહેર કરવામાં આવશે. વિદ્યાર્થીઓ બોર્ડની સત્તાવાર વેબસાઇટ www.gseb.org પર પોતાનો બેઠક ક્રમાંક (સીટ નંબર) દાખલ કરીને પરિણામ જોઈ શકશો. આ ઉપરાંત, બોર્ડ દ્વારા જાહેર કરાયેલા વોટ્સએપ નંબર 6357300971 પર પોતાનો બેઠક ક્રમાંક મોકલીને પણ પરિણામ મેળવી શકાશે. વિદ્યાર્થીઓના ગુણપત્રક અને પ્રમાણપત્ર શાળાવાર મોકલવામાં આવશે, જે અંગેની વિગતવાર સૂચના અલગથી આપવામાં આવશે. આ ઉપરાંત, ગુણચકાસણી, દફ્તર ચકાસણી, નામ સુધારા, ગ્રુપ સુધારા, ગુણ-તૂટ અસ્વીકાર તેમજ પરીક્ષામાં પુનઃઉપસ્થિત થવા સંબંધિત તમામ સૂચનાઓનો પરિપત્ર શાળાઓએ બોર્ડની વેબસાઈટ પરથી ડાઉનલોડ કરી તે મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

સુરતના ડીસીપી નકુમ સહિત રાજ્યના છ અધિકારીને IPSનું પ્રમોશન

નિમણૂકો નિયમિત પસંદગી પ્રક્રિયા અંતર્ગત જ થઈ છે : કેન્દ્ર સરકારની સ્પષ્ટતા

ગાંધીનગર : સુરતના ડીસીપી રાજદીપસિંહ નકુમ સહિત ગુજરાત પોલીસ સેવા (GPS)ના છ ઉચ્ચ અધિકારીઓને કેન્દ્ર સરકાર દ્વારા ભારતીય પોલીસ સેવા (IPS)માં પ્રમોશન આપવામાં આવ્યું છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા વર્ષ ૨૦૨૬ના 'સિલેક્ટ લિસ્ટ' અંતર્ગત આ નિમણૂકો જાહેર કરવામાં આવી છે. કેન્દ્ર સરકારે નિયમિત પસંદગી પ્રક્રિયાના ભાગરૂપે ભારતીય પોલીસ સેવા (IPS)નું પ્રમોશન લિસ્ટ જાહેર કર્યું છે.

આ યાદીમાં આઈપીએસ તરીકે બઢતી મેળવનારા ગુજરાતના ૬ ઉચ્ચ અધિકારીઓમાં સુરતના ડીસીપી રાજદીપસિંહ નકુમનો પણ સમાવેશ થાય છે.

આ ઉપરાંત અમદાવાદ શહેરના ઝોન-૨ના ડીસીપી ભરતકુમાર રાઠોડ, રાજકોટ શહેરના ઝોન-૨ના ડીસીપી રાકેશ દેસાઈ, ગોંડલ એસઆરપી ગ્રુપના કલ્પેશ ચાવડા તેમજ પ્રફુલ વાણીયા અને રાજેશકુમાર પરમારના નામો સામેલ છે. કેન્દ્ર સરકારના આદેશમાં સ્પષ્ટતા કરવામાં આવી છે કે આ નિમણૂકો નિયમિત પસંદગી પ્રક્રિયા અંતર્ગત જ થઈ છે.